GJGS020018232025

Presented on : 15-05-2025
Registered on : 15-05-2025
Decided on : 24-03-2026
Duration : 09d-10m-00y

**IN THE COURT OF**
**4th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. AT,VERAVAL GIR SOMNATH**
**(Presided Over by H.J. VASAVDA)**

**CC/1051/2025**
**Exhibit No. 23**

**શ્રી સરકાર ........**
પ્ર.પાટણ પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૧૮૬૦૦૪૨૫૦૨૯૭/૨૦૨૫ **......... ફરીયાદી**

**વિરૂદ્ધ**

**માનવભાઈ અર્જુનભાઈ જુંગી જાતે ખારવા,**
ઉ.વ.૨૨, ધંધો–મજુરી,
રહે. ભાલકા કામનાથ સોસાયટી પાસે,
તા.વેરાવળ જી.ગીરસોમનાથ. **......... આરોપી**

**ગુન્હો પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ ઈ.**

---

સરકાર તરફે :- વિ.વ. શ્રી જે.એસ.પરમાર
આરોપી તરફે :- પી.ડી.ચોમલ

---

**–:: ચુકાદો ::–**

(૧). આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી ગઇ તા. ૨૧/૦૪/૨૦૨૪ કલાક ૧૯:૩૦ વાગ્યે ભાલકા ચામુંડા સોસાયટીએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાને ગે.કા. રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલો નંગ–૪ કિ. રૂા. ૨૮૬૬૩/– નો મુદામાલ પોતાના કબજામાં રાખી રેઈડ દરમિયાન હાજર નહી મળી આવી પ્રોહી કલમ – ૬૫ ઈ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે અને તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદી શ્રી સ.ત. નટુભા ભાભલુભા બસીયા, પો.હેડ.કોન્સ. બકલ નં.૬૭૪, નોકરી એલ.સી.બી. ગીરસોમનાથવાળાએ પ્ર.પાટણ પો.સ્ટે.માં આપતા સદર ફરીયાદ પ્ર.પાટણ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૪૨૫૦૨૯૭/૨૦૨૫ થી નોંધવામાં આવેલી અને સદર કામ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હોવાની ચાર્જશીટ અત્રેની

અદાલતમાં રજુ કરેલ છે.

**(૨).** આ કામના આરોપીને સમન્સ બજવણી કરતા તેઓ કોર્ટ સમક્ષ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે, તેઓને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક - ૦૪ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે અને આંક – ૦૫ થી પ્લી લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩). આ કામમાં ફરીયાદપક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ – મનોજભાઇ પીઠાભાઇ ગરેજાની સોગંદ ઉપરની જુબાની | ૦૬ |
| ૨. | પ્રા.પંચનામાની ખરીનકલ | ૦૭ |
| ૩. | ફરીયાદી– નટુભા ભાભલુભા બસીયાની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૪. | અસલ ફરીયાદ | ૧૧ |
| ૫. | પોલીસ સાહેદ – નરેન્દ્રભાઇ જગમાલભાઇ પટાટની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૬. | ત.ક.અ.– બોદુભાઇ મહોમતભાઇ ભાલીયાની સોગંદ ઉપરની જુબાની | ૧૫ |
| ૭. | તપાસનો હુકમ | ૧૬ |
| ૮. | એફ.આઇ.આર. | ૧૭ |
| ૯. | એફ.એસ.એલ. જુનાગઢમાં કરેલ રવાનગી યાદી | ૧૮ |
| ૧૦. | અટક પંચનામું અસલ | ૧૯ |
| ૧૧. | પોલીસ સાહેદ – અજીતસીંહ ગાંડાભાઇ પરમારની સોગંદ ઉપરની જુબાની | ૨૧ |
| ૧૨. | પોલીસ સાહેદ –નરવણસીંહ કાકુભા ગોહીલની સોગંદ ઉપરની જુબાની | ૨૨ |

(૪). આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા તેના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ હાલનું

કામ દલીલ પર રાખવામાં આવેલ.

(૫). દલીલ

હાલના કામે ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી જે.એસ.પરમારની દલીલ સાંભળવામાં આવેલ છે તથા આરોપી પક્ષે વિ.વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે.

(૬). કેસની ઉપરોકત હકીકતો તથા ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે,આરોપી ગઇ તા. ૨૧/૦૪/૨૦૨૪ કલાક ૧૯:૩૦ વાગ્યે ભાલકા ચામુંડા સોસાયટીએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાને ગે.કા. રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલો નંગ–૪ કિ. રૂા. ૨૮૬૬૩/– નો મુદામાલ પોતાના કબજામાં રાખી રેઇડ દરમિયાન હાજર નહી મળી આવી પ્રોહી કલમ – ૬૫ ઇ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭). ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે પ્રમાણે આપવામાં આવે છે :

(૧) ''નકારમાં''

(૨) '' આખરી હુકમ મુજબ''

(૮). **:: કારણો ::**

આમ, સમગ્ર રીતે જોવા જોઇએ તો, આંક – ૦૬ થી રજુ થયેલ પંચ સાહેદે પોતાની જુબાનીમાં આંક – ૦૭ થી રજુ થયેલ પ્રાથમીક પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદરહું પંચ સાહેદે પોતાની જુબાનીમાં પોલીસે તેઓને જે જગ્યાએથી દારૂ પકડાયો ત્યાં બોલાવી સહી લીધેલી. ત્યાંથી દારૂની બોટલો કબજે કરેલી, કેટલી બોટલો હતી તેની તેઓને ખબર નથી. ત્યાં આશરે ૪ થી ૫ પોલીસવાળા હાજર હતા. તે વખતે તેઓ તથા નરેશભાઇ ભાલકા રોડ ઉપરથી પોતાનું કામ પુરુ કરીને ઘરે જતા હતા ત્યારે પોલીસે તેઓને બોલાવેલા. પોલીસે પકડેલ દારૂ નરેશભાઇ જે સોસાયટીમાં

રહે છે તે જગ્યાએથી પકડેલ, પોલીસે દારૂ કોના ઘરેથી પકડેલ તેની તેઓને ખબર ન હોવાનું જણાવી પોલીસે તેઓની હાજરીમાં રેઈડ કરીને કોઈ આરોપીને અટક કરેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવી આરોપીને જોયેથી ઓળખી શકે નહી તેમ જણાવી તા. ૨૧/૦૪/૨૦૨૫ નારોજના પંચનામમા પોતાની પંચ નં. ૧ તરીકે સહી ઓળખી બતાવેલ છે. દરહું પંચ સાહેદો પંચનામાની હકીકતોને સંપૂર્ણ સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે. તેમજ ઉલટતપાસમાં પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી તેમા શું લખેલ હતુ તેની તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે.

આમ સદર પંચ સાહેદે દારૂની કેટલી બોટલો હતી તેની ખબર ન હોવાનું, પોલીસે દારૂ કોના ઘરેથી પકડેલ તેની તેઓને ખબર ન હોવાનું જણાવતા હોય તેમજ તેઓની હાજરીમાં કોઈ આરોપીને અટક કરેલ ન હોવાનું અને આરોપીને જોયેથી ઓળખી શકે નહી તેમ જણાવતા હોય આંક– ૦૭ થી રજુ થયેલ પ્રા.પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ દ્વારા આંક – ૦૭ થી રજુ થયેલ પ્રા.પંચનામું પુરવાર થયેલ માની શકાય નહી.

જયારે આંક – ૧૯ થી અટક પંચનામું આંક – ૧૫ થી રજુ થયેલ ત.ક.અ. દ્વારા રજુ કરવામાં આવેલ છે. સદરહું પંચનામાના પંચ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોય પંચનામાની હકકીતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ ન હોય સદર આંક– ૧૯ થી રજુ થયેલ અટક પંચનામું પુરવાર થયેલ માની શકાય નહી.

(૯). જયારે આંક – ૧૦ થી રજુ થયેલ ફરીયાદી પોલીસ સાહેદ નટુભા ભાભલુભા બસીયાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી, આરોપીને જોયથી ઓળખી શકે નહી તેમ જણાવી આંક – ૧૧ થી અસલ ફરીયાદ રજુ કરેલ છે. તેમજ આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તા.૨૧/૦૪/૨૦૨૫ નાં રોજ તેઓ ફરજ એલસીબીમાં બજાવતા હતા. તેઓને બનાવની બાતમી ૧૮:૩૦ વાગ્યે મળેલી તે સમયે તેઓ પેટ્રોલીંગમાં હતાં. તેઓ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતાં. તેઓ રેઈડમાં ગયેલા ત્યારે પંચો સાથે લઈને ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચોનાં નામ ફરીયાદમાં જણાવેલ નથી. પંચોની અંગઝડતી કોણે કરી તે હાલ તેઓને યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ

છે કે, બનાવવાની જગ્યા રહેણાંક વિસ્તાર છે અને માણસોની સતત અવરજવર રહે છે,ખાનગી વાહનનાં નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવવાળા મકાનમાં ચતુ:દીશા ફરીયાદમાં લખાવેલ નથી,ઘણી વખત બીનવારસી મુદામાલ પોલીસને મળી આવે છે. સાહેદે સ્વચ્છાએ જણાવે છે કે તેઓના કાર્યકાળ દરમ્યાન આવો કોઈ મુદામાલ મળી આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,રેઈડ સમયે આરોપી હાજર ન હતાં. એ હકીકતનો ઈન્કાર કરેલ છે, તેઓ રેઈડમાં ગયેલ નથી અને આરોપીનાં રહેણાંક મકાનમાંથી કહેવાતો મુદામાલ મળેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીનાં મકાનની માલીકીનાં આધાર–પુરાવા મળેલ નથી. આ સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૦).** જયારે આંક –૧૨ થી રજુ થયેલ પોલીસ સાહેદ નરેન્દ્રભાઇ જગમાલભાઈ પટાટે તથા આંક –૨૧ થી રજુ થયેલ પોલીસ સાહેદ અજીતસીંહ ગાંડાભાઈ પરમારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકતને સમર્થન આપી આ સમગ્ર કામગીરીમાં તેઓ સાથે હોવાનું જણાવી આરોપીને જોયેથી ઓળખી શકે નહી તેમ જણાવી ઉલટતપાસમાં પંચોના નામ નિવેદનમાં જણાવેલ ન હોવાનું, બનાવવાળી જગ્યા રહેણાંકી વિસ્તાર હોવાનું અને માણસોની સતત અવરજવર રહેતી હોવાનું, ઘણી વખત બીનવારસી મુદામાલ પોલીસને મળી આવતો હોવાનું જણાવેલ છે. તેમજ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આવો કોઇ મુદામાલ તેઓના કાર્યકાળ દરમિયાન મળી આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,રેડ સમયે આરોપી હાજર ન હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ રેઈડમાં ગયેલ નથી અને આરોપીના રહેણાંક મકાનમાંથી કહેવાતો મુદામાલ મળેલ નથી. આ સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૧).** જયારે આંક – ૧૫ થી રજુ થયેલ ત.ક.અ. બોદુભાઇ મહોમતભાઇ ભાલીયાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી સદર ગુન્હાની તપાસ તેઓને સોંપાતા તેઓએ તપાસ સંભાળેલ હોવાનું જણાવી તપાસનો હુકમ આંક – ૧૬ થી તેમજ અસલ એફ.આઇ.આર. આંક– ૧૭ થી રજુ કરેલ છે. તેમજ સદર ગુન્હાની તપાસ દરમ્યાન લાગતા–વળગતા સાહેદોનાં નીવેદનો લીધેલા.

તા.૨૯/૦૪/૨૦૨૫ નાં રોજ આ કામના આરોપી માનવ અર્જુનભાઈ ઝુંગીને કલાક–૧૨:૧૫ વાગ્યે ધોરણસર અટક કરી જામીનમુકત કરેલ. આરોપીનું અટક પંચનામું કલાક–૧૧:૪૫ થી ૧૨:૧૫ સુધીનું બે પંચો રૂબરૂ તેઓએ કરેલું. તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે જે પંચનામું તેઓની રૂબરૂનું છે નીચે પોતાની સહી તથા હોદદો લખાયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આરોપી પાસેથી કબ્જે કરેલ મુદામાલ એફએસએલ તપાસણી અર્થે તા.૦૧/૦૫/૨૦૨૫ નાં રોજ એફએસએલ જા.નં.૭૦/૨૦૨૫ થી એફએસએલ જુનાગઢમાં રવાનગી યાદી કરેલી જે રવાનગી પત્ર આંક– ૧૮ થી તથા અસલ અટક પંચનામું આંક – ૧૯ થી રજુ કરેલ છે.

જયારે આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના રહેણાંક મકાનના માલીકીના પુરાવા આ કામે રજુ રાખેલ નથી. આ સિવાયની હકીકતોનો ઇન્કાર કરેલ છે.

સદરહું ફરીયાદી, પોલીસ સાહેદો તથા ત.ક.અ.ની જુબાનીને કોઇ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી.

**(૧૨).** આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતા રેઇડવાળી જગ્યા રહેણાંકી વિસ્તાર હોવા છતાં આજુબાજુના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે પો.સાહેદો સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ ન હોય તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે માત્ર પો.સાહેદોની જુબાની જ રજુ થયેલ હોય અને તેઓની જુબાનીને અન્ય કોઇ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામના પંચ સાહેદે પંચનામાની હકીકતોનો સમર્થન આપેલ નથી. જેથી આરોપી ભાલકા ચામુંડા સોસાયટીએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાને ગે.કા. રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલો નંગ–૪ કિ. રૂા. ૨૮૬૬૩/– નો મુદામાલ પોતાના કબજામાં રાખી રેઇડ દરમિયાન હાજર નહી મળી આવેલ હોવાની હકીકતને નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ ન હોય, તપાસવામાં આવેલ નથી. જેથી એક માત્ર ફરીયાદના આધારે અને અન્ય વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ,

ફરીયાદપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદો પુરાવાને કામે રજુ નથી. આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ રહેલો હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ::–**

(૧) આ કામના આરોપી માનવભાઈ અર્જુનભાઈ જુંગી જાતે ખારવા,ઉ.વ.૨૨, ધંધો–મજુરી,રહે. ભાલકા કામનાથ સોસાયટી પાસે,તા.વેરાવળ જી.ગીરસોમનાથવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ - ૨૪૮(૧) મુજબ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ – ૬૫ ઈ. મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે શંકાના લાભ સાથે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ સી. આર. પી. સી. કલમ– ૪૩૭(એ) મુજબ રૂા. ૫,૦૦૦/– ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર જામીન છ(૬ ) મહીના સુધી અમલમાં રહેશે.

(૩) આ કામે મુદામાલ પાવતી નં. ૫૭/૨૫ ના કામે રજુ થયેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૨૪ મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date : **24 -03-2026**
**VERAVAL**

**(MR. H.J.VASAVDA)**
**4TH ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.**
**AT ,VERAVAL GIR SOMNATH**
**Judge Code GJ01386**

Visit **ecourts.gov.in** for updates or download mobile app "**eCourts Services**" from Android or iOS